અરવિન્દ તત્ત્વપ્રચારક સંઘ.

[illegible]

[illegible]

પ્રકાશક —
[illegible]
[illegible]

જ્ઞાન

[illegible]

"અરવિન્દ તત્ત્વપ્રચારક સંઘ"

કચ્છ—બીદડા

[પત્રિકા નં. ૩]

આવૃતિ બીજી.

મ શ્રદ્ધા


પ્રકાશક—

જીવીબ્હેન મગન.

વેલજી ઠાકરશી.

શક્તિ

છપાવી પ્રસિદ્ધ કરનારઃ-વેલજી ઠાકરશી.
બીદડા (કચ્છ)



છાપનારઃ-ગોવીંદજી ડાહ્યાભાઇ નાયક
શ્રી " અનાવિલ " પ્રિન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ-સુરત.

ॐ

નિવેદન.

આશ્રમની કાચી યોજનાને પ્રગટ થયે એકાદ માસ થઈ ગયો છે. તે ઉપરે અને પ્રગટ કરેલી પત્રિકાઓ ઉપરે મળેલા અભિપ્રાયો વિચારી જોયા છે. ઉભી કરવા ધારેલી સંસ્થા નામે "અરવિન્દાશ્રમ"ના નામમાં ફેરફાર કર્યો છે. અને આ સંસ્થાને "અરવિન્દ તત્ત્વપ્રચારક સંઘ" એ નામ આપ્યું છે. સંસ્થાના હેતુમાં, સભાસદ થવાના નિયમોમાં કંઈ પણ ફેરફાર કરવા જેવું જણાયું નથી જેથી કાચા ખરડામાં જણાવેલ કાર્યવાહી, હેતુ અને સભાસદ થવાના નિયમો જેમ ને તેમ કાયમ રાખવામાં આવ્યા છે.

આવતા ચૈત્રમાસથી દર મહીને આ સંસ્થા તરફથી "તત્ત્વજ્ઞાન" એ નામનું માસિક પ્રગટ થશે. સ્થાનિક પ્રેસના અભાવે તે અન્યત્ર છપાતાં ત્હેનું લવાજમ હવે પછી ચોક્કસ થશે. ગ્રાહક થવા ઇચ્છનારે પોતાનું નામ નોંધાવવું.

કેળવણી અને ખાદીની પ્રવૃત્તિ યોગ્ય રીતે કરી શકે એવા યુવકો એ અમ્હને લખી જણાવવું. આજીવિકા પૂરતો

પગાર લઇ તેઓ આ પ્રવૃત્તિમાં જોડાવા ઇચ્છતા હશે તો યોગ્યતા મુજબ આજીવિકા મળશે.

હવેથી બધો પત્રવહેવાર "અરવિન્દ તત્ત્વપ્રચારક સંઘ" કચ્છ બીદડા એ સરનામે કરવો.

જીવીબ્હેન મગન.

વ્યવસ્થાપક.

"અમ્હારૂં આત્મકથન."

છેલ્લાં બે વર્ષ થયાં જ્યારથી અમ્હે અસહકારની પ્રવૃત્તિમાં જોડાયા છીયે ત્યારથી કચ્છના ગામડાઓમાં સ્વરાજ ફાળો ઉઘરાવવા અને કોન્ગ્રેસના સભાસદો નોંધવા અર્થે જવાનું થતું હતું. કચ્છી પ્રજાનું જીવન કેવા પ્રકારનું છે ત્હેનો અનુભવ પ્રથમ જ થયેલો. એ અનુભવ હૃદયભેદક હતો. કોન્ગ્રેસના સભાસદ થવા વખતે "ચાર આનાને બદલે આઠ આના કે રૂપીયો લઇ જાઓ પરંતુ અમારી સહી નહિ લ્યો, કારણ કે તેમ કરતાં અમ્હને જેલમાં જવું પડશે." આવી જાતના ઉદ્‌ગાર અનેક માણસો પાસેથી સાંભળવા પડતા હતા. તેઓની અજ્ઞાનતા હૃદયને રડાવે તેવી હતી. છેક બે મહીના ઉપરે અંત્યજ અને ખાદીની પ્રવૃતિને અંગે અબડાશા વિભાગમાં જ પાનું પ્રાપ્ત થયેલ પરંતુ તે વિભાગના અનુભવો તો પત્થર જેવા હૃદયને પણ પીગળાવે તેવા હતા. પ્રકૃતિના કોઇ પણ ભાવોના વિકાસ વગરની છેક અજ્ઞાન જન્ય સરળતા સિવાય કંઇ પણ જોવામાં આવતું ન હતું. પ્રથમથી હૃદયમાં ચાલી રહેલા ક્ષોભને આ દૃશ્યે એકદમ વેગ આપ્યો અને આવી પરિસ્થિતિમાં રહેવાય જ કેમ? એ વિચારે મનને છેકજ અસ્વસ્થ કરી મુકયું.

કચ્છના કાંઠી વિભાગની કઠોરતા અને પાશવવૃત્તિઓ રાક્ષસી હૃદયનો ખ્યાલ આપતી હતી. વાગડ વિભાગની અજ્ઞાનતા વિચારશક્તિના અસ્તિત્વનો ઇન્કાર કરતી હતી. અબડાશા વિભાગની જીવનના વિકાસ વગરની અજ્ઞાનજન્ય સરળતા દશમી સદીનું ભાન કરાવતી હતી.

દેશને આવી પરિસ્થિતિમાં આણવા માટે મુખ્યત્વે ધર્મગુરૂઓ અને રાજ્ય તથા સમાજના નેતાઓ જ જવાબદાર છે. પરંતુ હવે તેઓનાં કાર્યો ઉપર ટીકા કરવાથી કંઇ વળે તેમ નથી. જે પરિસ્થિતિ છે ત્હેને કેવી રીતે સુધારવી એ જ પ્રશ્ન હવે બાકી રહ્યો છે.

આજે કચ્છમાં ગુજરાત કાઠીયાવાડની જેમ નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરનાર વ્યક્તિઓનાં મંડળનો છેક અભાવ છે. અને જે કોઇ કચ્છી વ્યક્તિમાં એવી વૃત્તિ છે તે વ્યક્તિ આવા તદન વગર ખેડાયેલા ક્ષેત્રમાં કંઇ વાવેતર કરવાની ઇચ્છાથી રહીત હોય છે. તે પોતાની શક્તિ ગુજરાત કાઠીયાવાડ અને મુંબઇ જેવા ખેડાયેલા ક્ષેત્રોમાં વાપરે છે. કારણ કે ત્યાં પરિણામ તરતમાં દેખાઇ આવે છે. એક તરફ સમાજમાં વ્યાપી રહેલી ઘોર અજ્ઞાનતાથી અને બીજી તરફ નિઃસ્વાર્થ

ભાવથી કાર્ય કરનાર વ્યક્તિઓની કચ્છી સમાજ પ્રત્યે ઉદાસીનતાની વલણુથી કચ્છમાં કંઇ પણુ ગૌરવ યુક્ત કાર્ય થઇ શક્યું નથી.

કચ્છના શ્રીમંત વર્ગે લક્ષ્મી પ્રાપ્ત કરવી એ જ જીંદગીનો હેતુ માનેલ છે. પોતાની પાસે ગમે તેટલા રૂપીયા થયા છતાં આ જીવન વ્યાપારની જંજાળ અને ત્હેને અંગે કરવા પડતા તુચ્છ કર્મોમાંથી છુટવાનો તેઓનો વિચાર જ નથી. તેઓના પૈસાનો ઉપયોગ પણુ મનુષ્યજાતીના હિતમાં નહિ થતાં ચાલુ રુઢીઓને પોષવા માટેજ થાય છે. બાપ ગમે તેટલા શ્રીમંત હોય પણુ દીકરાએ અન્ય કંઇ પ્રવૃતિ ન કરતાં ચાલુ કેળવણુીનો કચરો મગજમાં એકઠો કરી બાપની પેઢીઓ ચલાવવી એ કચ્છનાં વિદ્યાર્થીઓનો ભણુવાનો હેતુ છે, અને પ્રત્યેક વિદ્યાર્થી પોતાના જીવનમાં આ આદર્શને થોડા વખતમાં ઉતારી લે છે.

આવી પરિસ્થિતિમાં કચ્છની અંદર કેવા પ્રકારે કાર્ય કરવું એનો વિચાર થયો અને પરિણામે આશ્રમની યોજના બહાર પાડી. તે યોજના અને તે ઉપર પ્રકટ કરેલી પત્રિકા નં. ૧-૨ કચ્છી પ્રજામા વ્હેંચવામાં આવી છે. કચ્છી પ્રજામાં જો કંઇ ચેતન લાવવું હોય તો પ્રથમ નિઃસ્વાર્થ ભાવથી કાર્ય

. કરનાર વ્યકિતઓનું મંડળ ઉભું થવુંજ જોઇયે એમ અમ્હારૂં માનવું છે. કારણકે એક બે વ્યક્તિ કચ્છ જેવા વિસ્તૃત અને સાધન વગરનાં દેશમાં કાર્ય કરવાને માટે પૂરતી ન જ થઇ શકે.

કચ્છી ભાઇઓ તરફથી કહેવામાં આવે છે કે આશ્રમનાં નિયમો કડક છે. જેથી ભાગ્યેજ કોઇ વ્યક્તિ ત્હેમાં જોડાશે. અમ્હને પોતાને એવું કંઇજ નથી જણાતું એ તો વિશુદ્ધ ભોગ છે. કહો કે ત્યાગપૂર્ણ ભોગ છે. છતાં જે વ્યક્તિઓ સભાસદ ન થઇ શકે તો પણ આ સંસ્થાની પ્રવૃતિમાં સહાયક તો અવશ્ય થઇ શકે છે આવી વ્યક્તિઓ આ સંસ્થા પાસેથી આ જીવિકા પૂરનો પગાર લઇ કેળવણી અને ખાદીને લગતું કાર્ય કરી શકે છે.

જો કોઇ ગૃહસ્થને આ રીતે કાર્ય કરવું હોય ત્હેણે લખી જણાવવું. તમામ કચ્છીઓને જણાવવામાં આવે છે કે જ્યાં જ્યાં તેઓની કેળવણીની નવી સંસ્થા ખોલવી હોય અથવા ચાલુ સંસ્થાઓની મદદની જરૂર હોય તો તેઓએ આ સંસ્થાને સરનામે લખી જણાવવું જેથી યોગ્યતા અને અનુકૂળતા મુજબ મદદ આપવામાં આવશે.

અમ્હને શંકા છે કે આ સંસ્થાનું કાર્ય કરવાને અમ્હેં લાયક છીયે કે કેમ ? અમ્હારી અપૂર્ણતા છેક ખ્યાલ બહાર

થી. સંભવીત છે કે અમ્હારામાં અહંતા જેની અમ્હે ટીકા
રવા બેસીએ છીયે તેવી વ્યક્તિઓનાં કરતાં પણ વધારે પ્રમા-
ણમાં હોય. બનવા યોગ્ય છે કે એ અહંતા આત્મનિરીક્ષણ
રતી વખતે અમ્હને અમ્હારા દોષો જોવામાં નહિ આવતા હોય.
વરે એટલુંજ નહિ પણ કોણ જાણે આ બધી પ્રવૃત્તિઓ કર-
ામાં કોઇને દંભ પણ જણાતો હોય. આ બધું છતાં પ્રત્યેક
નુષ્યમાં રહેલા તે પ્રભુ બધા પાસેથી કંઇક ને કંઇક કરાવી
હ્યો છે, અને જીવનના વિકાસને ગતિ અર્પી રહ્યો છે. જે જે
ાદર્શો પત્રિકાઓમાં બતાવવામાં આવ્યા છે, તે તે આદર્શો
અમ્હે સર્વાંશે જીવનમાં ઉતારી મુકયા છે એવું પણ કંઇજ
થી. માત્ર તે આદર્શો પ્રતિ કોઇક સનાતન તત્ત્વ અમ્હને ખેંચી
હ્યું છે.

જે જે ભાઇઓને અમ્હારા કાર્યમાં, વિચારોમાં, અહંતા,
ભ, તુચ્છતા જણાતી હોય તે ભાઇઓને ખાસ આગ્રહ છે કે
ઓએ અમ્હારી એ ભૂલો માટે ખાનગી આક્ષેપો કરવાનું
ડી દઇ તે ભૂલો સમજાય તેટલા માટે અમ્હને લખવું વા
હેરમાં ટીકા કરવી. અને આવી વ્યક્તિને જો હૃદય હોય તો
ણે કાર્ય કરવાની નૂતન યોજના આપવી અને અમ્હને સમ-
વવું કે આ રીતે કાર્ય કરો.

આ સંસ્થાના સંચાલકો છેક બાળક જેવી ઉતાવળી પ્રકૃતિના હોઇ સ્વતંત્ર રીતે કાર્ય કરવામાં કદાચ નાલાયક પણ જણાતા હોય એ બનવા યોગ્ય છે.

પરંતુ પ્રકૃતિ મનુષ્ય જીવનને આવી જ રીતે વિકાસ કરે છે. તે પ્રભુની શક્તિ દરેક મનુષ્યને અસ્તિત્વના તરંગો સાથે એકરૂપ થવા કહી રહી છે. કર્મ ક્ષેત્રમાં ઉતારી તે દરેક મનુષ્યને પ્રભુમય જીવનને માટે તૈયાર બનાવે છે. અને તમામ ભાવોમાં સમત્વ ટકાવવાની શક્તિ અર્પે છે.

અંતમાં અમ્હે એવું જરુર ઇચ્છીયે છીયે કે અમ્હારાથી વધારે વિદ્વાન અને કાર્યશીલ વ્યક્તિ પોતાના નેતૃત્વ નીચે અમ્હને દોરે. કોઈ પણ ચોક્કસ યોજના ઉપરે મોહ નથી. જેથી આવી વ્યક્તિ તરફથી રજુ થનારી યોજના જો વધારે સુંદર હશે અને અમ્હારૂં હૃદય ત્હેની અનુમતિ આપશે તો તે સ્વીકારવામાં જરા પણ વિલંબ નહિ થાય. અસ્તુ.

જીવીબ્હેન મગન.
વેલજી ઠાકરશી.

૧૦૪૩૭

" ઉદ્‌બોધન."

કચ્છીઓ ઓ કચ્છીઓ ત્હમે ક્યાં છો? ત્હમારી માતાને આવી ભયંકર દશામાં છોડી ત્હમે ક્યાં ચાલવા નીકળ્યા છો? ત્હમારી ધન મેળવવાની ઘેલછાએ ત્હમારા હૃદયને પત્થર જેવું બનાવ્યું છે, ત્હમારી જડકીયાઓએ તો શકિતના વિકાસને છેકજ અટકાવેલ છે.

કચ્છના શ્રીમન્તોના વિચારે કચ્છ એટલે પરદેશમાં લાગુ પડેલા દર્દો માટે હવાફેર કરવાનું સ્થાન. આજકાલની કેળવણીનો કચરો મગજમાં એકઠો કરી વિદ્વાનમાં ખપતા લોકોને મન કચ્છ એટલે કંઇજ નહિ. ત્યાં રહેવાયજ કેમ? ત્યાં છેજ શું? ત્યાં કંઇ થાય એવું જણાતુંજ નથી આવી જાતના ત્હેમનાં નિર્માલ્ય ઉદ્‌ગાર

કચ્છીઓ ઓ કચ્છીઓ, ત્હમામારાથી આ દૃશ્ય કેમ જોવાય છે? ત્હમારૂં હૃદય સળગી કેમ નથી જતું? જીવનનો કંઇ અર્થ હોય તો ત્હમારૂં જીવન અસલ કેમ નથી બનતું?

કચ્છ ઓ કચ્છ, ત્હારૂં રૂદન ક્યાં સુધી ચાલશે? જ્યારે

જ્યારે ત્હારા ભણી દૃષ્ટિ થાય છે ત્યારે ત્યારે ત્હારા પ્ર ગામડાં જીંદગીનાં અંતિમ શ્વાસો લેતાં જીવનને માટે—ત્રા માટે પોકાર કરે છે. ત્હારા દર્દ ઉપરે કોઇને દયા નથી, દૃષ્ટિ ફેરવવા વખત પણ નથી. કોઇ એવી સંસ્થા નથી જેહેમાં આત્મા હોય, કોઇ એવી વ્યક્તિ નથી કે જ ત્હારી વ્યથાથી દુઃખ થતું હોય કહોકે આંતરમાં આગ સળગ હોય.

કચ્છીઓ, ત્હમારી માતૃભૂમિના પોકારથી ત્હમ હૃદય કેમ ફાટી નથી જતું ? મિત્રો ધન અને કીર્તિ પાછ ક્યાં સુધી ભટકશો ?

વક્તાઓ ભાષણો આપીને ક્યાં નાસો છો ? કચ્છ ત્હમારો આત્મા માંગે છે જીવનની અર્પણતા ઇચ્છે છે.

જાગો સાહસિક બન્ધુઓ જાગો. દેશયજ્ઞની વેદી ઉ ત્હમારૂં સર્વસ્વ બળીદાન તરીકે હોમી દેવાની તૈયારી કરો.

જીવીબ્હેન મગન.

વેલજી ઠાકરશી.

"તરંગો."

ચક્ષુએ અક્ષર વાંચે છે, ભાવ તો હૃદય વાંચે છે. બુદ્ધિ એ તર્કો ઉપજાવે છે, હૃદય તો અર્પાઇ જાય છે.

અક્ષર વાંચનારને અર્થ મળે છે, ભાવ વાચનારને જ આશય મળે છે. તર્કો વડે શુષ્ક જ્ઞાન મળે છે, અર્પણતા એ અભેદતા અનુભવે છે.

બુદ્ધિવાદ વગરનો હૃદયવાદ દયાપાત્ર બનાવે છે, પરંતુ હૃદયવાદ વગરનો બુધ્ધિવાદ તો તુચ્છતા અને અનર્થો જ ઉપજાવે છે. હૃદયની કેટલીક સ્વાભાવિક ક્રીયાનો બુદ્ધિ જ્યારે અર્થ કરવા બેસે છે ત્યારે આશય છેકજ પલટાઇ જાય છે.

બુદ્ધિવાદી, આંતર જીવનનું રહસ્ય જો બુદ્ધિ માત્રથી જ ગમ્ય હોત તો વિશ્વ ઉપરે હૃદયનું અસ્તિત્વ હોત જ નહિ બાહ્ય કર્મ ઉપરથી જીવનની મીમાંસા કરી અભિપ્રાયો આપવાની મૂર્ખતા છોડી દે. બાહ્યજીવનના પડદાની પાછળ જે આંતર જીવનનો પ્રદેશ છે, તે જોવાની શક્તિ મેળવ્યા વગર કંઇ બકબકાટ ના કરીશ. મહાભારતના તે માછીમારના બાહ્ય

કર્મો પાછળ છૂપાયેલા આંતર જીવનમાં બ્રાહ્મણને જ્ઞાન આપવાની શકિત હતી. મિત્ર, બુદ્ધિના એ શુષ્ક પ્રદેશ છોડી તું અર્પણતાનો આનંદ અનુભવ. જીંદગી એટલે શું છે? "જીંદગી એટલે પ્રભુનું લીલાધામ." એ જીવનનાથને નહિ અર્પણ થયેલી એવી જીંદગીનો કંઇ અર્થ નથી જીંદગી કંઇ માત્ર નીતિ અને ધર્મનો કચરો વહન કરવાનું સાધન નથી. જીંદગી એ તો પ્રભુપ્રેમમાં—એ અનન્ત વિશ્વપ્રેમમાં હોમવાનું બળીદાન માત્ર છે. જ્ઞાન અને શકિત પાછળ શા માટે દોડે છે? અર્પણતાની આગ હૃદયમાં સળગ્યા વિના જ્ઞાન અને શકિત કંઇજ ઉપયોગનાં નથી. અર્પણતામાંથી અસાધારણ ભાવના બળ જન્મે છે, અને તે બળની પાછળ જ્ઞાન અને શકિત ગુલામની માફક ચાલ્યાં આવે છે.

*　　　*　　　*

સમાજનો નેતા માત્ર યોગી જ થઇ શકે. યોગીની ગેરહાજરીમાં આદર્શો ભ્રષ્ટ થાય છે, અને આદર્શોની દરીદ્રતાથી સમાજની અવશ્ય અધોગતિ જણાય છે.

સમાજ સુધારકો, શરીરમાં આત્મા વિના ગતિ લાવવાની ચેષ્ટા બંધ કરો. સંસ્કૃતિના ભોગે સમાજને રક્ષવાની દયા

જતી કરો. તમારી દયા એક દીવસ આખા સમાજનો મૂળ સહીત વિનાશ કરશે. પડેલી પ્રજાને સાત્વિક જડવાદનાં સિધ્ધાન્તો વધારેમાં વધારે તુચ્છ અને દંભી બનાવે છે. સ્વતંત્રતાનું ભાન ભુલી ગયેલી પ્રજા કોઇ દીવસ એકરૂપ થઇ કોઇ કાર્યમાં એકાગ્રતા ધારણ કરી શકતી જ નથી. સ્વતંત્રતા રૂપી પ્રાણની પૂરવણી માટે શકિતની અનિવાર્ય જરૂર છે અને શક્તિ સર્વથા સાહસિક કર્મોથી જ વિકાસ પામે છે.

"પ્રેમજીવન"

" શોધ "

પ્રદેશ છેક નિર્જન અને માર્ગ અતિ વિકટ હતો.

ઉષઃકાળ હમણા જ વ્યતિત થયો છે, અને ભગવાન સૂર્યનારાયણે પોતાના કિરણો વડે જગતને પ્રકાશીત કરેલ છે.

એક બાળક આ વિજન પ્રદેશ પ્રતિ ચાલ્યો આવે છે. ત્હેનાં અંગો—કલાન્ત થઇ ગયાં છે, અને મુખ ઉપરે નિર્વેદતાની છાયા વ્યાપી રહી છે. તે ચાલ્યો આવે છે, પરંતુ ત્હેને દીવસ અને રાત્રીનું ભાન નથી.

ત્હેનાં વિલક્ષણ મુખ સૌન્દર્યમાંથી પણ હૃદયમાં ચાલી રહેલી અસાધારણ વ્યથા બ્હાર તરી આવતી હતી.

તે બાળક કોઇ પ્રિય જનને શોધતો હતો, કે જ્હેના વિરહે તે લેવાઇ ગયો હતો.

અરણ્યમાં એક ઝાડ નીચે તે અટકયો અને ચોતરફ દૃષ્ટિ ફેરવી. દ્દષ્ટિ દર્દ ભરી હતી અને કોઇ નિગૂઢ વસ્તુને જોવા ઇચ્છા રહી હતી. અશ્રુપ્રવાહને લઇ દૃષ્ટિ બંધ થઇ અને મુખમાંથી નીચેના શબ્દો ઝર્યા.

" પ્રભુ ઓ પ્રભુ, તું ક્યાં રહે છે? તું ક્યાં નાશી ગયો છે? પ્રતિ ઉત્તરમાં જંગલમાંથી એક હિંસક પશુ મનુષ્યનો સ્વર સાંભળી બહાર આવ્યું પરંતુ તે બાળકને જોતાં જ ત્હેની હિંસક વૃત્તિ ઠરી ગઇ અને તે અવનત મસ્તકે પાછું ફર્યું.

આ નિર્દોષ બાળક તો પ્રભુના સ્મરણમાં ડૂબેલો હોઇ આવી બાબતો તરફ લક્ષ્યહીન હતો.

અચાનક તે વિચાર નિંદ્રામાંથી જાગ્રત થયો અને પ્રવાસમાં આગળ વધ્યો. એક ગામ આવ્યું એટલે બાળક પ્રભુને શોધવા અથવા કોઇ સહચર મેળવવા ગામની અંદર ચાલ્યો.

૧

ગામનાં મુખમાંજ એક દુકાન હતી. એક ઠરેલ અને વૃદ્ધ જણાતો દુકાનદાર ગ્રાહકો સાથે વાતચીત કરી રહ્યો હતો.

તે બાળક અહિં આવીને અટક્યો અને તે દુકાનદારને પુછ્યું; બાપુ, ત્હમારે ત્યાં પ્રભુનું ખાતું છે?

હૃદય જેવી કોઇ વસ્તુના અસ્તિત્વની જાણ વગરના તે દુકાનદારે કટાક્ષ પૂર્ણ નેત્રે બાળકે ભણી જોયું.

બાળકની જીજ્ઞાસા વધતી જતી હતી. તેણે તરતજ ફરી પુછ્યું બાપુ, ત્હમારે ત્યાં પ્રભુનું ખાતું છે? ત્હમારા એ પ્રિય ગ્રાહક કઇ શેરીમાં રહે છે? મ્હને ત્હેનો રસ્તો બતાવશો?

દુકાનદારથી હવે રહેવાયું નહિ. ત્હેણે જવાબ આપ્યો છોકરા ત્હને કોઇએ ભમાવ્યો છે. ત્હારૂં મગજ નબળું પડયુ છે. જા છ નંબરની દવા વાપર. બાળકે વિશ્વાસ મુકયો, અને ગમગીન સ્વરે કહ્યું, બાપુ ત્યારે શું ત્હમારી દુકાને પ્રભુ ખાતું નથી? આટલા વર્ષો સુધી દુકાન ચલાવી છતાં પ્ર ગ્રાહક રૂપે પધાર્યા નહિ એ તે કઇ જાતનો વ્યાપાર?

૨

બાળક આગળ વધે છે, અને એક ગૃહસ્થ રસ્તામાં મ છે. બાળક ત્હેને પૂછે છે, ભાઇ ત્હમે પ્રભુને મળવા જાઓ છો? મ્હને સાથે તેડી જશો? ગૃહસ્થ માત્ર બાળક પ્રતિ જો રહે છે અને વિચારમાં પડે છે.

બાળક ફરીથી પૂછે છે. ત્યારે બાપુ શુ પ્રભુ ત્હમ આંગણે પધારે છે? તેઓ કયે વખતે આવે છે? હું તે વ ત્હમારે ત્યાં આવું? મ્હને પ્રભુના દર્શન કરવા આપશો?

તે ગૃહસ્થ એકદમ બોલી ઉઠે છે, છોકરા પ્રભુ કંઇ આપણે ત્યાં આવતા હશે? તું તો ગાંડો થઇ ગયો છે. નકામો શા માટે ભટકે છે? જા કંઇક ધંધો કર ત્હારા જેવા દેશ ઉપરે બોજો કરી રહ્યા છે.

બાળક દીન વચને બોલે છે, આ તે કયા પ્રકારનું જીવન કે જહેમાં પ્રભુ સાથે કંઇ સંબંધ ન હોય? આ તે કેવી જીંદગી કે જહેમાં પ્રભુને મળાતું ન હોય? આ તે કેવો ગૃહસ્થાશ્રમ કે જહેમાં પ્રભુની પધરામણી થતી ના હોય?

૩

બાળક આગળ વધે છે, એક સન્યાસી "અહં બ્રહ્માસ્મિ" નો ઉચ્ચાર કરતા ચાલ્યા આવે છે. બાળક ત્હેને જોઇ રહે છે, અને જીજ્ઞાસા થવાથી પૂછે છે. ?

બાપુ, ત્હમે તો પ્રભુનાં આશ્રમ ભણી જતા હશો? હું ત્હમારી સાથે ચાલું?

તે સન્યાસી તો અહંબ્રહ્મના અવિરત પોકારથી અહંતાની ટોચે ચડયા હતા, જેથી તરતજ બોલી ઉઠયા

છોકરા, તું કોની મશ્કરી કરે છે? મ્હને આ ગામના બધા લોકો પૂજે છે.

બાળક તો છાતી ફાટ હૃદયે આ દૃશ્ય જોઇ રહે છે, અને લવી ઉઠે છે કે–આ તે કેવો સંન્યાસ કે જ્હેમાં પ્રભુનો સાક્ષાત્કાર ન હોય? આ તે કેવો ત્યાગ કે જ્હેમાં પ્રભુનો યોગ ન હોય?

બાળકની હૃદયવ્યથા વધતી જતી હતી, પ્રભુના વિરહનો અગ્નિ ત્હેના રોમેરોમને પ્રજ્વલીત કરી રહ્યો હતો. તે આગળ ચાલ્યો જતો હતો. ક્યાં જતો હતો ત્હેનું ત્હેને ભાન ન હતું. અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો અને ત્હેનું વદન છેક મ્લાન બની ગયું હતું.

૪

એક જ્ઞાની પોતાના શિષ્ય સાથે રસ્તા ઉપરથી ચાલ્યા આવે છે, અને આ રુદન કરતા બાળક પ્રતિ જોઇ રહે છે. કંઇક ઉર્મિ થઇ આવવાથી તે બાળકને પૂછે છે. બચ્ચુ, તું કેમ રડે છે? ત્હને શું જોઇયે છીયે.

બાળક ક્ષોભ પૂર્ણ હૃદયે ત્હેને કહે છે, હું પ્રભુને શોધું છું મ્હને તે બતાવશો ?

જ્ઞાની કહે છે બચ્ચુ, પ્રભુ તો અંતરમાં મળે છે, જગત્‌માં મળતા નથી. બાળક હસી પડે છે. અને કહે છે, મ્હારે તો ત્હેને જગત્‌માં મળવું છે. અંતરમાં છે તો જગત્‌માં મળવા જ જોઇયે.

જ્ઞાની બોલ્યા, છોકરા તું બહુ આગ્રહી છે; ત્હારી આ ઘેલછા છોડી દે.

બાળકે કહ્યું બાપુ, ત્હમે બહુ સ્વાર્થી છો; જ્ઞાનનો બોજો ઉતારી નાંખો જ્ઞાનીના શિષ્યને કંઇ બોલવાની વૃત્તિ થતાં તે બાળક પ્રતિ કહે છે. છોકરા તું જ્ઞાનની નિન્દા કરે છે, જેથી બહુકાળ સુધી ભવાટવીમાં રખડીશ.

બાળક કહે છે, જીંદગીના વેશવોમાં કેટલાં વસ્ત્ર બદલાવ્યા એનો કોણે હીસાબ રાખ્યો છે ? આત્માની એ અનન્તશી લીલામાં જન્મમરણના શા હીસાબ હોઈ શકે ?

શિષ્ય બીચારો બુદ્ધિ રુપી નટી ઉપરે આસક્ત હતો

જેથી આમાંનું કંઇ સમજ્યો નહિ. પરંતુ તે જ્ઞાની આ
નિર્દોષ બાળક પ્રતિ મંત્રમુગ્ધનયને જોઇ રહ્યા.

તે બાળક તો પોતાની ધુનમાં આગળ ચાલતો થયો
આખો દીવસ તે ગામમાં ફર્યો પણ પ્રભુનો પત્તો લાગ્યો નહિ
તેમ કોઇ સહચર પણ મળી શકયો નહિ.

પ્રદોષનો સમય થવા આવ્યો છતાં તે બાળકનું ભટક
જારી હતું. ચાલતાં ચાલતાં તે ગામ છોડી ફરી કોઇ અરણ્ય
જઇ ચઢયો.

નિદ્રાદેવીની તો ત્હેના ઉપરે છેકજ અકૃપા હતી. છે
અનેક રાત્રીઓ માત્ર વિચારો અને વિચારોમાં જ પસાર
હતી. અરણ્યમાંના કોઇ એકાન્ત સ્થળમાં તે અટકયો,
આજના અનુભવોને તે સ્મૃતિમાં ગોઠવવા લાગ્યો.

ત્હેની વિચાર સમાધી કલાકોના કલાક લગી ચાલુ ર
છેક પ્રભાતકાળે તે જાગ્યો, અને પ્રવાસના પ્રદેશનો વિ
કરવા લાગ્યો. ત્હેણે નિશ્ચય કર્યો કે કોઇ નૂતન પ્રદેશમાં પ્ર
શોધ કરવી.

તે બાળક પોતાના નિશ્ચય પ્રમાણે બીજે દિવસે નૂતન પ્રદેશના પ્રવાસે ઉપડી ગયો.

* * *

વાંચનાર વર્તમાન જગતે પોતાના જીવનમાંથી પ્રભુનો બહીષ્કાર કર્યો છે. જેથી તે નિર્દોષ બાળક વર્તમાનનાં આ ક્ષુદ્ર પ્રદેશને છોડી ભવિષ્યના દીવ્ય પ્રદેશમાં ચાલી નીકળ્યો છે તે ભવ્ય પ્રદેશમાં એ વિરહથી અંધ બનેલા બાળકની શોધ પૂર્ણ થવાની છે, અને જગતમાં પ્રભુ પ્રગટવાના છે. " અરવિન્દના " તે યુગમાં સિદ્ધોની સિદ્ધશીલા અને વૈષ્ણવોનું વૈકુણ્ઠ જગત ઉપરે અવતરવાનાં છે.

તે ભવ્ય બાળકને અને દીવ્ય યુગને વન્દન હો.

* * *

યોગ ત્હારો ચમત્કાર અદ્‌ભુત છે. પ્રેમ ત્હારો આનન્દ અપૂર્વ છે. ભક્તિ ત્હારી લીલા અનેરી છે. વેદની એ સપ્તમ ઋષિ તરીકે ઓળખાતી ભૂમિકા અવનવી છે. એ આનન્દઘન જીવનનાં અનુભવો છેક જ અનિર્વચનીય છે.

વેદ ત્હને સ્વરાટ્ બનવા કહે છે. ગીતા ત્હને સમ્રાટ્ બનવાની કળા બતાવે છે. મહાવીર તું વિજેતા બનીને આવે એટલે વરમાળ અર્પવા ખોટી થઇ રહ્યા છે. બુદ્ધ ત્હને હૃદયનાં અમૃત ઝરણાં પાવા તલ્પી રહ્યા છે.

અને પ્રિય, તું હજી ક્યાં અટકી રહ્યો છે?

"પ્રેમજીવન"

બાબુ અરવિંદ ઘોષનાં પુસ્તકો

1. અરવિંદ ઘોષના પત્રો ૦-૧-૦
2. અરવિંદ ઘોષનું વ્યાખ્યાન ૦-૨-૦
3. યોગિક સાધન ૦-૬-૦
4. કર્મયોગીનો ધર્મ ૦-૧-૦
5. ગીતા નિબંધ [illegible]

ટપાલખર્ચ જુદું.

લખો —

[illegible] પબ્લીશીંગ હાઉસ

[illegible] (ગુજરાત)

થોડા જ વખતમાં બહાર પડશે.

સ્વામી રામતીર્થ [illegible]

[illegible]